# હાદી
## માસિક

Bustan-e-Zehra Association
786-92-110

સફર, હીજરી સન ૧૪૩૦,
ફેબ્રુઆરી - ૨૦૦૯





فَأَخرَجنا بِهِ نَبَاتَ كُلِّ شیءٍ

અમોએ (પાણીથી) દરેક પ્રકારની ઉગનારી વસ્તુઓ પૈદા કરી.

(સૂર : અન્આમ્ આયત-૯૯)

E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! સલામુન અલયકુમ

તમે ઈમામ હુસૈન (અ.સ.) ની અઝાદારી અને મજલિસ - માતમમાં આગળ વધીને ભાગ લીધો જ હશે.

મારા વહાલાઓ ! મહોર્રમની મજલિસો અને અઝાદારીની કેટલીક અપેક્ષાઓ છે, તેમાં કેટલાંય બોધપાઠ છે. હવે સફરના મહીનામાં દરેક વ્યક્તિ માટે જરૂરી છે કે પોતાના અંતરમાં ઝાંખીને જુએ અને એ વાતનું નિરીક્ષણ કરે કે આપણે અય્યામે અઝા અને મજલિસો અને માતમથી ક્યા નૈતિક અને અમલી બોધપાઠ લીધા જેથી કરીને આપણે પણ પોતાના કાર્યો વડે ''નાનકડા દૂધ પીતા મુજાહિદ'' ની જેમ હુસૈન (અ.સ.)ના ધ્યેયમાં મદદરૂપ થઈએ.

એવું ન વિચારતાં કે અમે તો હજુ બાળકો છીએ. કેમકે કરબલામાં ઈમામહુસૈન (અ.સ.) એ પોકાર કર્યો હતો કે ''શું કોઈ મારો મદદગાર છે'' તો આ પોકાર ઉપર છ માસના ''નાનકડા મુજાહિદે'' લબ્બૈક કરીને અનંતકાળ સુધી એ સંદેશો પહોંચાડી દીધો કે ધર્મની મદદગારીમાં વય બાધક હોતી નથી.

અઝાદારીએ ઈમામ હુસૈન (અ.સ.) નો હેતુ તો એ જ છે કે અલ્લાહ તેના રસૂલ (સ.અ.વ.) અને એહલેબૈત (અ.સ.) ની પ્રસન્નતા માટે એ ખજાનાઓ દરેકે દરેકને સુલભ બનાવી દેવામાં આવે જેના માટે નવાસા એ રસૂલ (અ.સ.)એ મદીનાને એવી રીતે તજી દીધું કે નાના નાના બાળકોને પણ સાથે લીધાં અને કરબલાના દીવાઓનો પ્રકાશ દરેક ઘર સુધી પહોંચાડવામાં આવે અને ભટકતી માનવતાને કરબલાના દિવાઓના પ્રકાશમાં પ્રવાસ કરવા આમંત્રણ આપવામાં આવે.

હદીસે નબવી છે ''નિઃસંદેહ ! હુસૈન (અ.સ.) હિદાયતના દીવા અને મોક્ષની નાવ છે.''

અમે સફર માસના અંક રૂપે ફરી એકવાર સૈયદુશ્શોહદાની બારગાહમાં અમારો તુચ્છ હદિયો પેશ કરી રહ્યા છીએ.

એ માતાઓને સલામ કે જેમણે એવા બાળકોનો ઉછેર કર્યો કે જેમણે પોતાના રક્તથી કરબલાનો ઈતિહાસ લખીને તલવાર ઉપર રક્તની જીતની ઘોષણા કરી.

અને લાખો પ્રશંસાને પાત્ર એ માતાઓ છે જેમણે પોતાના બાળકોને કરબલાના પ્રસંગો હાલરડા સ્વરૂપે સંભળાવ્યાં અને નાના અઝાદારોનો ઉછેર એવી રીતે કર્યો જે શાહઝાદીએ કાએનાત (સલા.) ની હૃદયની શાંતિના કારણો છે કેમકે શાહજાદીનો એ સવાલ કે ''મારા હુસૈન ઉપર કોણ રડશે'' ના જવાબમાં નબી (સલ.) એ ફરમાવ્યું હતું કે ''અલ્લાહ એક એવી કોમ પેદા કરશે જેના બાળકો તમારા બાળકોનું માતમ કરશે.''

ખુદા હાફિઝ


**ઝેરે સરપરસ્તી**

**હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક પ્રખરવિદ્વાન કૌમના સંનિષ્ઠ સેવક

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમ રઝા અજમેરી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઇ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :

**એ.પી. ગ્રાફીક્સ**



**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા

*Bustan - E- Zehra Association*

Mukhtar Abbas Vasaya

91, Longthornton Road, LONDON, SW16 5QF

Tel. : 0044 - 2082866198 Mo. : 00447828958746

E-mail : movasaya@hotmail.com



**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-**



ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલ્મિયહ ઇમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત–૩૮૨૪૪૦

ફોન : ૦૭૯–૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

E-mail : hadimasik@yahoo.com

# કુર્આનનો ખૂણો

બિસ્મિલ્લા હિર્રહમાનિર્રહીમ

**અલમતર કયફા ફઅલા રબ્બોકા બે અસ્હાબિલ ફીલ ૦ અલમ યજઅલ કયદહુમ ફી તઝલીલ ૦ વ અરસલા અલ્યહિમ તયરન અબાબીલ ૦ તરમીહિંમ-બે હિજારતિમ મિન સિજજીલ ૦ ફજઅલહુમ કઅસ્ફિમ માકૂલ ૦**

અનુવાદ : શું તમે (એ) નથી જોયું કે તમારા રબે હાથીવાળાઓ સાથે શું વર્તન કર્યું છે ? શું તેમની ચાલબાજી (તેમના પેંતરા) ને બેકાર નહોતી કરી દીધી. અને તેમના ઉપર અબાબીલ પક્ષીઓ મોકલી દીધા જે તેમને કાંકરીઓ મારી રહી હતી (અને) તે પછી તેમણે (અબાબીલ ચકલીઓએ) તેમને બધાંને ચાવી કાઢેલા. ભૂસા જેવા (ડૂચા જેવા) બનાવી દીધા.

આ સૂરામાં એ કિસ્સો વર્ણવવામાં આવ્યો છે કે :

મક્કાની એક તરફ યમન દેશ છે. એક વખત ત્યાં એક ઘણો જ ઘમંડી રાજા રાજ કરતો હતો. તેનું નામ''અબરહા'' હતું. અબરહા એ યમન દેશના પાટનગર 'સફા'માં એક મોટો દેવળ બંધાવેલ, પછી તેણે આદેશ બહાર પાડ્યો કે કોઈ પણ હવે ખાનએ કાઅબા પાસે પ્રાર્થના કરવા મક્કા નહીં જાય. દરેકે મારા દેવળમાં જ આવવું પડશે. આ તો કાઅબાથી વધારે વિશાળ અને વધારે મુલ્યવાન છે. મેં આને અસલ સોનાથી બનાવ્યો છે. જુઓ તેનો ઘુમ્મટ પણ સોનેરી છે અને દિવસના પ્રકાશ અને રાત્રીની ચાંદનીમાં કેટલો ચમકે છે.

તેમ છતાં લોકોએ મક્કા જવું તજી ન દીધું અને કોઈ અબરહાના દેવળમાં ન આવ્યો.

તેથી અબરહા ગુસ્સે ભરાઈ ગયો. તેણે 'કાઅબા' ને પાડી નાંખવા માટે એક મોટું સૈન્ય તૈયાર કર્યું. કહેવાય છે કે તેમાં ૪૦૦ તો હાથીઓ હતા. અબરહા કાઅબાને તોડી પાડવા યમનથી નીકળી પડ્યો અને થોડા દિવસોમાં મક્કા શહેરની બિલકુલ પાસે પહોંચી ગયો અને મક્કાવાસીઓના રણમાં ચરતાં ઘેટા-બકરીઓ અને ઉંટ પકડી લીધા. અબરહાનું સૈન્ય જોઈને તો મક્કાવાસીઓના હોશ ઉડી ગયા. તે વખતે આપણાં રસૂલ (સ.અ.વ.)ના દાદા હઝરત અબ્દુલમુત્તલિબ મક્કાના સરદાર હતા. અને તેજ કાઅબાની સારસંભાળ પણ રાખતા હતા. તેઓ અબરહા પાસે ગયા અને તેને કહ્યું કે 'અમારા ઉંટ છોડી મૂકો' અબરહા એ કહ્યું કે ''તમે આટલા મહાન વ્યક્તિ છો અને આવી તુચ્છ વાત કરો છો ! તમે કાઅબાને બચાવવા મને કોઈ વિનંતી ન કરી ?'' જનાબ અબ્દુલ મુત્તલિબે શાંતિ અને વિશ્વાસથી કહ્યું ''હું આ ઊંટોનો માલિક છું તેથી તે લેવા આવ્યો છું. આ કાઅબાનો પણ કોઈ માલિક છે જ. તે પોતે પોતાના ઘરને બચાવી લેશે.''

જનાબ અબ્દુલ મુત્તલિબ પોતાના ઊંટ લઈને ઘરે પાછા આવી ગયા. તેમણે મક્કામાં જાહેરાત કરાવી દીધી કે જેને પોતાનો જીવ વહાલો હોય તે પર્વતોમાં જઈને સંતાઈ જાય. તમામ મક્કાવાસીઓ પોતાના ઘરો છોડી દઈને પર્વતોમાં સંતાઈ ગયા. વહેલી સવારે અબ્દુલ મુત્તલિબ કેટલાંક લોકો સાથે ''ખાન એ કાઅબા'' પાસે આવ્યાં અને દુઆ કરી કે ''હે અલ્લાહ ! બધા જ પોતપોતાના ઘરોનું રક્ષણ કરે છે, તું પણ તારા ઘરને બચાવી લે. કાઅબાનો શત્રુ તો તારોજ શત્રુ છે.''

પછી તેમણે પોતાના દીકરા અબ્દુલ્લાહ (આપણાં રસૂલે અકરમના પિતા) ને કહ્યું કે ''દીકરા તમે તે ઉંચા પર્વત ઉપર ચડી જાવ અને સમુદ્રની દિશામાં જોતા રહેજો. જો અલ્લાહની તરફથી કોઈ મદદ આવતી દેખાય તો મને જણાવશો.''



E-mail : hadimasik@yahoo.com

થોડીવાર પછી જનાબ અબ્દુલ્લાહ દોડતાં આવ્યાં અને કહ્યું કે “ પિતાજી ! સમુદ્રની દિશામાં એક કાળો વાદળ દેખાય છે. જે આપણી દિશામાં જ આવે છે. ” જનાબ અબ્દુલ મુત્તલિબ પ્રસન્ન થઈ ગયા. તેમણે જાહેરાત કરાવી દીધી કે “હે મક્કા વાસીઓ ! તમે તમારા ઘરોમાં પરત આવી શકો છો.”

તે બાજુ અબરહા “કાઅબા” ને તોડી પાડવા બિલકુલ તૈયાર થઈ ગયો. તેણે પોતાના સૈન્યને આગળ વધવા હુકમ કર્યો. તેના હાથીઓ કાઅબાને તોડી પાડવા માટે કાઅબા તરફ આગળ વધવા લાગ્યાં. તે જ વખતે સમુદ્રની દિશામાંથી એક કાળો વાદળ આવતો દેખાયો. જ્યારે તે કાળો વાદળ નજીક આવ્યો તો લોકોએ જોયું કે તે વાદળ નહોતું. પરંતુ અસંખ્ય (અબાબીલ નામની) ચકલીઓ હતી. તે દરેક ચકલીની ચાંચ અને બંને પંજાઓ માં એક-એક કાંકરી હતી. અબરહા નું સૈન્ય અંધકારમાં ઘેરાઈ ગયું કે જાણે રાત થઈ ગઈ હોય. પછી અલ્લાહના હુકમથી તે ચકલીઓએ અબરહાના સૈન્ય ઉપર કાંકરીઓ વરસાવવી શરૂ કરી દીધી અને થોડીક ક્ષણોમાં જ આખું સૈન્ય ભૂસાનો ઢગલો થઈ ગયો.

મક્કાવાસીઓ ખુશીથી નાચવા લાગ્યાં. આ બનાવ એટલો પ્રખ્યાત થયો કે તે વરસને ‘આમુ-લ-ફીલ’ એટલે કે ‘હાથીવાળું વરસ’ કહેવામાં આવ્યું. કુરઆનના ઉપરોક્ત સૂરા-સૂરએ ફીલ-માં આ બનાવનું જ વર્ણન છે.

આપણાં રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)નો જન્મ આ બનાવના થોડા દિવસો પછી જ થયો હતો.

અલમતર = શું તમે નથી જોયુ કે
કયફા = કેવી રીતે
ફઅલા રબ્બોકા = તમારા રબે શું વર્તન કર્યું છે ?
બે અસ્હાબિલ ફીલ = હાથીવાળાઓ સાથે
અલમયજઅલ = શું તેણે નથી કરી દીધી
કયદહુમ= તેમની ચાલબાજી તેમના પેંતરા
ફી તઝલીલ = બેકાર-બરબાદ
વ-અરસલા - અને તેણે મોકલ્યું.
અલ્યહિમ= તેમના ઉપર
તયરન = ઉડતાં પક્ષીઓ
અબાબીલ = આ નામની એક નાની ચકલી
તરમીહિમ= તેમને મારતી હતી
બે હિજારતિંમ= કાંકરી
મિન સિજ્જીલ = નાની કાંકરીઓ - જેવી રીતે માટી, માટલા કે કૂજાની કાંકરી હોય છે.
ફજઅલહુમ= તેથી તેમણે (અબાબીલ ચકલીઓએ) તેને (અબરહાના સૈન્યને) બનાવી દીધો
ક = ની જેમ- જેવા
અસફ = ભૂસો
માકૂલ = ચાવી કાઢેલો




# અઝાદારીનું મહત્વ

(૧) રસૂલ (સલ.) એ ફરમાવ્યું છે : હે ફાતિમા ! હશરના દિવસે દરેક આંખમાં અશ્રુઓ હશે. સિવાય એ આંખો કે જે (દુનિયામાં) હુસૈન (અ.સ.) ની મુસીબતો ઉપર રડતી રહી હોય. આ આંખોમાં પ્રસન્નતા દેખાતી હશે. (કેમકે) તેને જન્નતની નેઅમતોની ખુશખબર આપવામાં આવેલી હશે. (બિહારૂલ અનવાર - ભાગ ૪૪ પાન નં. ૨૯૩)

(૨) ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું છે કે :- ઈમામ જાઅફરે સાદિક (અ.સ.) પોતાના મુસલ્લા ઉપર બેસીને ઝાએરીન અને શોકગ્રસ્ત લોકો માટે એવી દુઆ કરતા રહેતા હતા કે "હે ખુદા ! એ આંખો ઉપર પોતાની રહેમત નાઝિલ ફર્માવ જે આંખોમાંથી અમારી મહોબ્બતમાં અશ્રુઓ વહયાં હોય, અને એ હૃદય કે જે અમારા ગમમાં શોકગ્રસ્ત રહ્યાં એ ફરિયાદો કે જે અમારા થકી થઈ હોય તેમને પોતાની રહેમતોના કેન્દ્ર બનાવી દે.
(બિહારૂલ અનવાર - ભાગ-૯૮ પાન ૮)

(૩) ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું છે :- હે ખુદાવન્દે આલમ ! એવી દરેક વ્યક્તિનું ઠેકાણું જન્નત બનાવી દે કે જેની આંખોમાંથી એટલા માટે અશ્રુઓ વહયા હોય કે અમારૂં લોહી રેડવામાં આવ્યું હતું અને અમારો હક ઝુંટવી લેવામાં આવ્યો હતો અથવા અમારા એક પણ શીઆનું અપમાન કરવામાં આવ્યું હતું.
(અમાલી-શેખ મુફીદ (રહ) પાન નં. ૧૭૫)

(૪) ઈમામ રિઝા (અ.સ.) એ ફરમાવ્યું છે :- રડવાવાળાઓએ ઈમામ હુસૈન જેવા વ્યક્તિ પર રડવું જોઈએ કેમકે એમના ઉપર રડવું મોટા ગુનાહોને રદ કરી દે છે.
(બિહારૂલ અનવાર - ભાગ-૪૪, પા નં. ૨૮૪)

(૫) ઈમામ રિઝા (અ.સ.) એ ફરમાવ્યું છે :- જો તમે એવું ઈચ્છતા હોવ કે જન્નતમાં તમે અને અમે સાથે હોઈએ તો તમારે અમારા શોકમાં શોકમગ્ન અને અમારી ખુશાલીમાં ખુશ રહેવું જોઈએ. (જામેઅ-અહાદિસુશ્શીઆ-ભાગ-૧૨, પાન નં. ૫૪૯)

*વહાલા બાળકો !*
*આ હદીસોમાં અઝાદારીનું મહત્વ ખુબ વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું છે તેથી તમે હૃદયપૂર્વક મજલિસોમાં જજો !!*




E-mail : hadimasik@yahoo.com




# દીની જાણકારી - મહત્વના પુસ્તકો

**વહાલા બાળકો !**
**શું તમે જાણો છો કે .....?**

- **"કુરઆને મજીદ"** અલ્લાહની કિતાબ છે. જે આપણાં નબી હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) ઉપર નાઝિલ થઈ હતી. આ અલ્લાહ તરફની અંતિમ કિતાબ છે. આ પહેલા અલ્લાહ તરફથી તવરૈત - ઈન્જીલ અને ઝબૂર નામના પુસ્તકો પણ નાઝિલ થએલા છે.
- **"કુરઆને મજીદ"** અલ્લાહની અંતિમ કિતાબ છે. તે કયામત સુધી રહેશે. તેમાં ૧૧૪ સૂરાઓ - ૩૦ પારાઓ અને ૬૨૮૫ આયતો છે.
- "કુરઆને મજીદ" ના સૌથી મોટા સૂરાનું નામ "બકરહ" છે તેમાં ૨૮૬ આયતો છે. અને સૌથી નાના સૂરાનું નામ "કવસર" છે તેમાં ફક્ત ત્રણ આયતો છે.
- આપણાં પહેલા ઈમામ(અ.સ.) ની એક કિતાબ છે જેનું નામ **"નહજુલ બલાગાહ"** છે, તેને કુરઆનનો ભાઈ કહેવામાં આવે છે. તેમાં આપણા મૌલા (અ.સ.)ના પ્રવચનો - આપના પત્રો અને નાની નાની પરંતુ ઘણી સારી સારી વાતો લખેલી છે.
- આપણાં ચોથા ઈમામ હઝરત ઝયનુલ આબેદીન (અ.સ.)નું એક પ્રખ્યાત પુસ્તક છે જેને **"સહીફએ સજ્જાદીયાહ"** કહેવામાં આવે છે. તેમાં ઘણી સારી સારી દુઆઓ છે.



# હુદહુદની વાર્તા



**આવો બાળકો !**

**હું આજે તમને મારી વાર્તા સંભળાવું છું.**

હું એક પક્ષી છું. બીજા પક્ષીઓની જેમ જ બે પાંખો ઉપર ઉડું છું. અને બે પગ ઉપર ચાલું છું અને જંગલમાં પોતાનો માળો બનાવીને રહું છું. પરંતુ તમે મારી વાર્તા સાંભળશો તો આશ્ચર્ય ચકિત થઈ જશો. હું બીજા પક્ષીઓની જેમ જંગલમાં મોજ મસ્તી નહોતો કરતો, હું દરરોજ નિયમિત રીતે મારી ડ્યુટી ઉપર જતો હતો. ડ્યુટી ઉપર ? હા-બાળકો ! ડ્યુટી ઉપર ! આશ્ચર્ય ન કરતાં. હું પક્ષી છું. પરંતુ ફુલટાઈમ ડ્યુટી કરતો હતો - ક્યાં ? તો એ પણ સાંભળી લો, જગતના સૌથી મોટા સમ્રાટના દરબારમાં.

અલ્લાહમાં શ્રધ્ધા રાખનારા બે એવા સમ્રાટ થઈ ગયા છે જે સંપૂર્ણ દુનિયા ઉપર રાજ કરતા હતાં. જગતનાં ખૂણા ખૂણામાં તેમનું સામ્રાજ્ય વિસ્તરેલુ હતું. તે પૈકી એક સમ્રાટ અલ્લાહના નબી હઝરત સુલેમાન (અ.સ.) હતાં. જનાબ સુલેમાન (અ.સ.) નું સામ્રાજ્ય મહાન સિકંદરના સામ્રાજ્ય કરતાં પણ મોટું હતું. કેમકે જનાબ સુલેમાનને અલ્લાહે ફક્ત મનુષ્યોના બાદશાહ નહોતા બનાવ્યા પરંતુ તે જિન્નાત-પ્રાણીઓ-પક્ષીઓ અને હવા ઉપર પણ હકુમત ધરાવતા હતા અને આ તમામ તેમની આજ્ઞાનું પાલન કરતા હતા. સમગ્ર જગત પર રાજ કરવામાં હઝરત સુલેમાન (અ.સ.)ને ઘણું મોટું સૈન્ય-શસ્ત્રો-સિપાઈઓ-ઘોડા-ઉંટ-હાથી-ટૂંકમાં દરેક વસ્તુની જરૂર હતી.

હઝરત સુલેમાન (અ.સ.) નો દરબાર પણ ઘણો મોટો હતો. તેમાં

એકી સાથે હજારો મનુષ્યો અને પ્રાણીઓ સામેલ થતાં હતાં. તડકા અને વરસાદમાં એટલા મોટા દરબારને ઢાંકવા માટે એક ચાલતો હવામાં તરતો સમિયાણો હતો. જેને ખોલવો અને બંધ કરવાની જરૂર નહોતી. એક ઈશારાથી આખે આખો સમિયાણો લાગી જતો અને ખુલી જતો હતો. આ સમિયાણો રંગબેરંગી હતો. પરંતુ તેમાં કુદરતી અસલ રંગ હતા. તેના સેંકડો હજારો ટુકડા હતા. અને ખાસ વાત તો એ હતી કે બાદશાહ સલામત જ્યાં જતાં ત્યાં તેમના ઉપર છાંયડો કરતો સમિયાણો પણ સાથે જ ચાલતો હતો અને તેમાંથી હૃદય ખુશ કરી દેનારા અવાજો પણ નીકળતા હતાં. શું તે વાદળનો સમિયાણો હતો ! ના બાળકો મેં તો તમને કહ્યું છે કે સમિયાણો રંગબેરંગી હતો. જ્યારે વાદળ તો એક જ કાળા રંગનો હોય છે.

સારૂં – હવે સાંભળો ! આ સમિયાણો કેવો હતો ? જ્યારે તડકો સખ્ત થઈ જતો અને હઝરત સુલેમાન (અ.સ.) ને છાંયડાની જરૂર લાગતી તો આપ સમિયાણાની તરફ ઈશારો કરતાં, આપનો ઈશારો થતો કે હજારો પક્ષીઓ હઝરત સુલેમાન (અ.સ.)ના સિંહાસન ઉપર ઉડવા લાગતા હતા. આપ બીજો ઈશારો કરતાં અને અમે આકાશમાં જ લાઈનો બનાવી લેતા અને એક બીજા સાથે પોતાની પાંખોને જોડી દેતાં હતા અને દરેક પક્ષી તેજ એક નિશ્ચિત જગ્યાએ ધીરે ધીરે ઉડતો રહેતો, આમ આ પક્ષીઓની પાંખો વડે સમિયાણો તૈયાર થઈ જતો હતો અને તડકો પડતો નહીં. જાત જાતની ચકલીઓ અને ભિન્ન-ભિન્ન પક્ષીઓ પોતાપોતાની સુંદર બોલી પણ બોલતા રહેતા જે સાંભળીને હઝરત સુલેમાન (અ.સ.) પ્રસન્ન થઈ જતાં હતાં.

કહો જોઈએ ! તમે આવો ભવ્ય સમિયાણો ક્યાંય જોયો છે ?

મારી ડ્યુટી પણ આ સમિયાણામાં રહેતી હતી, એટલે હું પણ મારી નાની નાની પાંખો ફેલાવીને હઝરત સુલેમાન (અ.સ.) ઉપર છાંયડો કરતો. હું દરરોજ નિયમિત રીતે મારી ડ્યુટી ઉપર આવતો અને સાંજે મારા માળામાં

પાછો ફરતો હતો. હઝરત સુલેમાનના દરબારમાં મેં અનેક બનાવો જોયાં છે તે પ્રસંગો હું તમને ક્યારેક સંભળાવીશ, આજે તો મારી પોતાની વાર્તા સંભળાવું છું.

હું દરરોજની જેમ દરબારમાં હતો. અચાનક હઝરત સુલેમાન (અ.સ.)ની પરવાનગી વગર હું ત્યાંથી ઉડી ગયો. મને એમ લાગ્યું કે જાણે અલ્લાહે મને કોઈ મહત્ત્વની કામગીરી સોંપી છે. મેં ઉડવાનું શરૂ કર્યું અને ખૂબ ઝડપથી ઉડતો રહ્યો. હું ઉડતા ઉડતા એક એવા દેશમાં પહોંચી ગયો જ્યાં લીલાછમ બગીચા હતાં અને વહેળાઓમાં દૂધની જેમ ચમકતું સફેદ પાણી વહેતું હતું. સાચુ કહો તો હું આજે એવી જગ્યાએ પહોંચી ગયો હતો જ્યાં હઝરત સુલેમાન (અ.સ.) પણ ગયા નહોતા. મેં આમતેમ ઉડી ઉડીને ઘણું બધું જોયું. ત્યાં ઉડતાં ઉડતાં જ્યારે થાકી ગયો તો એક ઝાડની ડાળી ઉપર સૂઈ ગયો. જ્યારે આંખ ઉઘડી તો શહેરની તરફ ચાલ્યો ગયો. વિદેશમાં મને પોતાના ઘરની યાદ આવી ગઈ તેથી હું ત્યાં વધારે રોકાયો નહીં અને મારા માળામાં પાછો આવી ગયો.

બીજા દિવસે હું મારી ડ્યુટી ઉપર ગયો ત્યારે મારા સાથીઓએ મને જણાવ્યું કે હઝરત સુલેમાન (અ.સ.) મારાથી નારાજ થઈ ગયા છે. હું ડરતાં ડરતાં હઝરત સુલેમાન (અ.સ.) પાસે ગયો. તું ક્યા હતો ? પ્રશ્ન થયો. મેં કહ્યું "મને માફ કરી દો ! ન જાણે કેમ હું ઘણી દૂર નીકળી ગયો હતો, પરંતુ ત્યાં ઘણી મનોહર વસ્તુઓ જોઈને આવ્યો છું, જે વિશે સાંભળીને આપ પણ આશ્ચર્યચકિત થઈ જશો."

(વધુ આવતા અંકે)





E-mail : hadimasik@yahoo.com

# ઈમામ હસન (અ.સ.)નો સ્વભાવ

વહાલા બાળકો ! શું તમે જાણો છો કે આપણાં બીજા ઈમામ લોકો સાથે કેવી રીતે રહેતા હતાં ! આવો – હું તમને એક પ્રસંગ જણાવું છુ.

એક દિવસ આપણાં ઈમામ (અ.સ.)સવારી ઉપર સવાર થઈને ક્યાંક જઈ રહ્યા હતાં. માર્ગમાં એક વ્યક્તિ મળ્યો જે સીરિયા (શામ)નો રહેવાસી હતો. જ્યારે તે વ્યક્તિએ આપણા ઈમામ(અ.સ.)ને જોયાં કે તરત જ તે આપણાં પહેલાં ઈમામ હઝરત અલી (અ.સ.) વિશે એલ-ફેલ બોલવા લાગ્યો. તે ઘણાં લાંબા સમય સુધી જેમતેમ બોલતો રહ્યો. ઈમામ (અ.સ.)એ શાંતિથી તેની વાતો સાંભળતાં રહ્યાં. જ્યારે તે બોલતાં બોલતાં થાકી ગયો ત્યારે આપણાં ઈમામ (અ.સ.)એ સસ્મિત વદને તેને કહ્યું કે “હું વિચારૂં છું કે તું મુસાફર છે. અને અમારા વિશેની ઘણી બાબતો તારાથી સંતાડવામાં આવી છે. પરંતુ”

– જો તું અમારાથી રાજી થવા માંગતો હોય તો હું તારાથી રાજી થઈ જઈશ.
– જો તને કોઈ વસ્તુ જોઈતી હોય તો હું તને આપીશ.
– જો તું દીન વિશે સાચો અને સીધો માર્ગ જોવા માંગતો હોય તો હું તે પણ તને બતાવીશ.
– જો તું ભુખ્યો હોય તો તને જમાડીશ.
– જો તારી પાસે કપડાં ન હોય તો હું તને કપડા આપીશ.
– જો તું જરૂરત મંદ હોય તો હું તને પૈસા પણ આપીશ.
– જો તારી પાસે ઘર ન હોય અને ઘરની તને જરૂર હોય તો તે પણ આપીશ.
– જો તું મારે ઘેર મહેમાન બનવા માંગતો હોય તો હું તારી મહેમાનગતી પણ કરીશ.

જ્યારે તેણે ઈમામની આટલી સારી સારી વાણી સાંભળી તો તે પોતાના વર્તન ઉપર શરમાઈ ગયો અને રડતાં રડતાં કહેવા લાગ્યો કે હું ગવાહી આપું છું કે નિ:શંકપણે ખુદા વધુ સારી રીતે જાણે છે કે કોને પોતાનો પ્રતિનિધિ બનાવે. પછી તેણે કહ્યું કે આજ થી અગાઉ આપના વાલિદ (હ.અલી.અ.સ.) ને હું મારા સૌથી મોટા શત્રુ ગણતો હતો પરંતુ આજે હું ગવાહી આપું છું કે આજથી આપ લોકો જ જગતમાં મારા સૌથી પ્રિયજનો છો.”

તે પછી થોડા દિવસ તે વ્યક્તિ ઈમામ (અ.સ.)નો મહેમાન રહ્યો અને પછી ચાલ્યો ગયો.

વહાલા બાળકો ! તમે જોયું, આપણાં ઈમામ પોતાના વિશે ભૂંડુ બોલનારને પણ કેવી રીતે પોતાનો મિત્ર બનાવી લેતા હતા. તમારે પણ આમાંથી કાંઈ શીખવું જોઈએ અને તેવું જ વર્તન કરવું જોઈએ.



# જીવન પ્રતિબિંબ

## ખાતેમુલ અંબિયા હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)

**જન્મ :** ૧૭મી રબીઉલ અવ્વલ, દિવસ-શુક્રવાર, સ્થળ : મક્કા શહેર, વરસ : સન ૧ આમુલ ફીલ

**બે માસ પછી:** સિરિયાથી પરત આવતી વખતે આપના પિતાજી જનાબ અબ્દુલ્લાહનું અવસાન થઈ ગયું.

**૬ઠ્ઠા વરસે :** મદીનાથી મક્કા પરત આવતા આપની માતાનું અવસાન થઈ ગયું.

**૮મા વરસે :** આપનું પાલન પોષણ કરનાર દાદા જનાબ અબ્દુલ મુત્તલિબનું અવસાન થઈ ગયું.

**૧૨મા વરસે :** પોતાના કાકા જનાબ અબૂતાલિબ સાથે સિરિયાના પ્રવાસે ગયા.

**૧૫મા વરસે :** પોતાના ઘરના લોકો સાથે 'ફજાર' ની લડાઈમાં શરીક થયા.

**૨૦મા વરસે :** "હલફુલ-ફઝુલ" નામની સંધિમાં સામેલ થયા.

**૨૦મા વરસે :** "અમીન" (થાપણને સાચવી રાખી પરત કરનાર) ના નામે પ્રખ્યાત થયાં.

**૨૫મા વરસે :** "ખાન એ કાઅબા" ની દિવાલમાં "હજરે અસવદ" પ્રસ્થાપિત કરીને મક્કાવાસીઓને ખૂનામરકીથી બચાવી લીધા.

**૪૦મા વરસે :** ૨૧મી રજબના દિવસે રિસાલતનો એલાન કર્યો.

**૪૦મા વરસે :** અલ્લાહે આપને આજ્ઞા આપી કે લોકોને ઈસ્લામ તરફ બોલાવો. સૌ પ્રથમ હઝરત અલી (અ.સ.) અને હઝરત ખદીજા આપના ઉપર ઈમાન લાવ્યા.

**૪૫મા વરસે :** (સન-૫-બઅસત) ૨૦ જમાદિયુસ્સાનીના દિવસે આપની દિકરી જનાબ ફાતેમા (સલા) નો જન્મ થયો.

**૪૭મા વરસે :** (સન-૭-બઅસત) કુરૈશવાળાઓએ આપનો બહિષ્કાર કર્યો અને આપની સાથે લેવડ-દેવડ બંધ કરી અને સંબંધ વિચ્છેદ કર્યો. તેથી આપ ચારે બાજુથી પાબંદીઓમાં ઘેરાઈ ગયા. આ બહિષ્કાર ત્રણ વરસ સુધી ચાલુ રહેલ.

**૫૦મા વરસે :** (સન-૧૦-બઅસત) હઝરત અબૂતાલિબ (અ.સ.) અને હઝરત ખદીજા (અ.સ.) ની વફાત થઈ. આપ તાઈફ શહેરમાં ગયાં.



E-mail : hadimasik@yahoo.com

**૫૧મા વરસે :** (સન-૧૧-બઅસત) આપ મેઅરાજ ઉપર તશરીફ લઈ ગયા અને આકાશનો પ્રવાસ કર્યો.

**૫૩મા વરસે :** (સન ૧૩-બઅસત) કુરૈશના સરદારોએ આપના વધનું કાવત્રુ રચ્યું. જે જગ્યાએ આ કાવત્રુ રચવામાં આવ્યું તે જગ્યાનું નામ "દારૂન નદવાહ" હતું.

**૫૩મા વરસે :** (સન-૧ હિજરી) આપ મક્કાથી હિજરત કરી મદીના ચાલ્યા ગયા. મદીનામાં આપે મસ્જિદ બંધાવી.

**૫૪મા વરસે :** (સન-૨-હિજરી) રજબના મહિનામાં મુસલમાનોનો કિબ્લો બૈતુલ મુકદ્દસને બદલે "ખાનએ કાઅબા" થઈ ગયો. મુસલમાનો અને કુરૈશના કુફ્ફારની વચ્ચે "બદર" ની લડાઈ થઈ. તેમાં મુસલમાનો જીત્યા.

**૫૫મા વરસે :** (સન 3 હિજરી) ઓહદની લડાઈ થઈ.

**૫૭મા વરસે :** (સન-3-હિજરી) મુસલમાનો અને કાફરો વચ્ચે ખંદકની લડાઈ થઈ. તેમાં પણ મુસલમાનો જીત્યા.

**૫૮મા વરસે :** (સન-૬-હિજરી) મુસલમાનો અને મુશરિકો વચ્ચે "હૈદુબિયાહ" માં સંધી થઈ. રસુલે ખૂદા (સ.અ.વ.) એ ઈરાન-રોમ-ઈજીપ્ત-હબશ-બેહરૈન અને જોર્ડનના સમ્રાટોને પત્ર લખી તેમને ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા આમંત્રણ આપ્યું.

**૫૯મા વરસે :** (સન-૭-હિજરી) મુસલમાનો અને યહુદીઓ વચ્ચે "ખયબર" ની લડાઈ થઈ. રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબ ફાતેમા (સલા.)ને "બાગે ફિદક" આપ્યું.

**૬૧મા વરસે :** (સન-૮-હિજરી) "તબૂક" ની લડાઈ થઈ.

**૬૨મા વરસે :** (સન ૧૦ હિજરી) પયગમ્બર (સ.અ.વ.) એ પોતાના જીવનની આખરી હજ કરી જેને "હજ્જતુલવિદાઅ" કહેવામાં આવે છે. હજથી પાછા ફરતી વખતે હઝરત અલી (અ.સ.) ની વિલાયતની ઘોષણા કરી.

**૬૩મા વરસે :** (સન-૧૧-હિજરી) ૨૮ સફરના દિવસે રસૂલે ખુદા (સ.અ.વ.) ની વફાત થઈ.

# પોતાના બાળકોને કુર્આન શિખવાડો

આપણાં માઅસૂમીન (અ.સ.) ખાસ કરીને ઈમામ હુસૈન (અ.સ.) અને ઈમામ સજ્જાદ (અ.સ.)ની શાનમાં કસીદાઓ લખવા અને હંમેશા સત્ય જાહેર કરનાર પ્રખ્યાત કવિ જનાબ ફરઝદક જ્યારે બાળક હતાં ત્યારે તેમના પિતાજી એક વખત તેમને લઈને હઝરત અલી (અ.સ.)ની સેવામાં હાજર થયા. ઈમામ(અ.સ.)એ તેમના પિતાજીને પુછ્યું "તમારી સાથે આ બાળક કોણ છે ? " તેણે જવાબ આપ્યો "મૌલા ! આ મારો દીકરો હમામ છે. મેં તેને અરબી ભાષાની ઘણી વાતો અને પંક્તિઓ એવી રીતે શિખવાડી છે કે તે હુનરમાં ઘણો પ્રવિણ થઈ ગયો છે. "

પિતા વિચારતો હતો કે "ઈમામ આ સાંભળીને મારા દીકરાની પ્રશંસા કરશે " પરંતુ ઈમામ(અ.સ.)ની દ્રષ્ટિએ તો એક મુસલમાન બાળક માટે "કુરઆન" શિખવું એ જ ગર્વની બાબત હતી. ફરમાવ્યુ કે તમે પોતાના દિકરાને કુરઆન શીખવાડત તો સારૂ રહેત !

ફરઝદકે આ વાત સાંભળીને પોતાના હૃદયમાં ઉતારી લીધી. તેણે તરતજ નિશ્ચય કર્યો કે "જ્યાં સુધી કુરઆન યાદ નહીં કરી લઉ ત્યાં સુધી શાંતિથી બેસીશ નહીં. " એવું કહેવાય છે કે ઘેર આવીને તેમણે પોતાને સાંકળથી બાંધી લીધો અને કુરઆન યાદ (મોઢે) કરવાનું શરૂ કર્યું અને છેવટે કુરઆન મોઢે કરીને જ જંપ્યા.

બાળકો ! આપણે પણ કુરઆનનો અભ્યાસ કરવો જોઈએ કારણકે કુરઆનમાંજ જિંદગી સારી રીતે વ્યતિત કરવા માટેના બોધ વચનો છે. જેના ઉપર અમલ કરીને આપણે જન્નતના હકદાર બની શકીએ છીએ અને તેમ કરીએ તો અલ્લાહ-રસૂલ અને અઈમ્મએ - માઅસૂમીન આપણાથી પ્રસન્ન થઈ શકે છે.





E-mail : hadimasik@yahoo.com

# મગજ કસો

વહાલા બાળકો !
નીચેના ચોરસમાંથી દશ નબીઓના નામ શોધી કાઢો.

(૧)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઈ | વ | રી | યુ | સૂ | ફ | દ |
| સ્મા | બ્રા | મૂ | સા | મી | ગ | લ |
| ઈ | હ | હી | ઝ | નૂ | ચ | ધા |
| લ | આ | ક | મ | ક | ઈ | સા |
| મ | શ | ખ | યા | અ | રી | ઝ |
| આ | નૂ | ફા | વ | મુ | હા | યા |
| હા | દ | હ | ચ | યુ | મ | આ |
| મા | આ | મ | બ્રા | નુ | તે | યા |
| ઈ | સ | હા | ક | સ | ફા | લ |

## (૨) નીચે આપેલા પ્રશ્નોના ખરા ઉત્તરની સામે ✔ની નિશાની કરો

(૧) આપણાં નબી (સ.અ.વ.) ની કબર ક્યાં છે ?
(અ) મક્કા (બ) કૂફા (ક) નજફ (ડ) મદીના

(૨) આપણાં નબીની મુબારક ઉંમર કેટલી હતી ?
(અ) ૬૦ વરસ (બ) ૬૫ વરસ (ક) ૬૩ વરસ (ડ) ૫૭ વરસ

(૩) મુજતહિદના ફતવા ઉપર અમલ કરવાને શું કહે છે ?
(અ) ઈજતેહાદ (બ) તકલીદ (ક) તિલાવત (ડ) ફરમાન

(૪) આપણાં બીજા ઈમામનું નામ શું છે ?
(અ) હઝરત અલી (અ.સ.) (બ) ઈમામ હસન (અ.સ.)
(ક) હઝરત બાકિર (અ.સ.) (ડ) ઈમામ સજ્જાદ (અ.સ.)



# ઉસૂલે દીન

## ધર્મ (મઝહબ) અને તેની આવશ્યકતા

**ઝકી :** હાદીભાઈ – સલામુન અલયકુમ!

**હાદી :** તમારા ઉપર પણ મારી તરફથી સલામતી અને અલ્લાહ તરફથી રહેમતો અને બરકતો હજો.
કહો – ખૈરયતથી છો ? સાંભળ્યું છે કે તમે રજાઓમાં ફરવા ગયા હતા ?

**ઝકી :** હા – હું મારા માતા–પિતા સાથે આ વખતે ફરવા ગયો હતો.

**હાદી :** ઘણી મજા પડી હશે ? તમે આ વખતે તો ગામડાઓમાં પણ ગયા હતા ને !

**ઝકી :** હા – મજા તો પડી. પણ ત્યાંના ખાડા –ટેકરાવાળા – વાંકા ચુંકા રસ્તાઓને કારણે ઘણી તકલીફ પણ પડી. તદ્ઉપરાંત ઘણી જગ્યાઓએ તો રસ્તાની પણ અમને ખબર નહોતી.

**હાદી :** કેમ ભાઈ રસ્તા વાંકા ચુંકા હતાં તેનાથી શું તકલીફ પડી ?

**ઝકી :** ભાઈ ! તમે તો જાણતાં જ હશો કે રસ્તો સીધો ન હોય તો ન તો ગાડી બરાબર ચાલી શકે કે ન તો આરામથી પ્રવાસ થઈ શકે.

**હાદી :** હા તમે સાચું કહો છો. – તમે એમ પણ કહ્યું કે રસ્તાની પણ તમને જાણકારી નહોતી. તેથી તમારે પ્રથમથી તમામ જાણકારી મેળવીને જ પ્રવાસ કરવો જોઈતો હતો. અજાણ્યા રસ્તે પ્રવાસ કરવો એ તો જોખમ ભરેલું હોય છે.

**ઝકી :** હા ભાઈ ! રસ્તાથી અજાણ હોઈએ તો નાની નાની શેરીઓ અને ગામડાઓમાં પણ મુશ્કેલીઓ ઉભી થાય છે.

**હાદી :** મિત્ર ઝકી ! શું તમે એ ના વિચાર્યું કે જ્યારે મનુષ્ય આ જગતમાં સીધા અને જેની જાણકારી હોય તેવા માર્ગ ઉપર જ પ્રવાસ કરવાનું પસંદ કરે છે તો શું જગતના તાત (ખુદા) એ પણ આપણું સર્જન કરીને માર્ગદર્શન વગર એમને એમ છોડી મુક્યા હશે ?

**ઝકી :** તમે કહેવા શું માંગો છો ? હું સમજ્યો નહીં.





E-mail : hadimasik@yahoo.com

હાદી : મારા કહેવાનો અર્થ એ છે કે શું ખુદાએ માનવ જાતનું સર્જન કરીને પોતાનો માર્ગ દેખાડ્યો છે ? કે એમજ (માર્ગ દેખાડ્યા વગર) છોડી મુક્યા છે ?

ઝકી : હાદી ભાઈ ! તમે જ કહો કે આ પ્રશ્નનો ઉત્તર શું છે ?

હાદી : મારા વહાલા મિત્ર ! જગતના ખુદાએ માનવજાતનું સર્જન કરીને તેને જીવનના સાચા માર્ગ ઉપર ચાલવા માટે પોતાનો માર્ગ બતાવ્યો છે. તેને દીન અથવા ધર્મ (મઝહબ) કહેવામાં આવે છે. જેને આપણે "દીને ઈસ્લામ" કહીએ છીએ. તેજ અલ્લાહએ મોકલેલ દીન છે.

ઝકી : શું દરેક યુગમાં આ "ઈસ્લામ" એ જ "અલ્લાહનો દીન" રહ્યો છે ?

હાદી : હા મારા મિત્ર ! દરેક યુગમાં સમગ્ર માનવજાત માટે આ એક જ દીન રહ્યો છે, તમે સાંભળ્યુ પણ હશે કે કુરઆન મજીદની એક આયતમાં અલ્લાહે ફરમાવ્યું છે કે "મારો દીન (મારા મત મુજબ દીન) તો ફક્ત ઈસ્લામ જ છે" એટલે ઈસ્લામ સિવાય અલ્લાહનો બીજો કોઈ દીન નથી.

ઝકી : આવું છે તો એમ કેમ કહેવાય છે કે અલ્લાહે પાંચ "શરીઅતો" ઉતારી છે ?

હાદી : હા મારા મિત્ર ! પાક પરવરદિગારે માનવજાતના માર્ગદર્શન માટે એક લાખ ચોવીસ હજાર અંબિયા મોકલ્યા છે અને આ પૈકી પાંચ નબીઓને શરીઅત લઈને મોકલ્યા. તેમાંથી પ્રથમ જનાબ નૂહ (અ.સ.) પછી જનાબ ઈબ્રાહીમ(અ.સ.) તેમના પછી જનાબ મૂસા (અ.સ.) તે પછી જનાબ ઈસા (અ.સ.) "સાહિબે શરીઅત" થયા. (શરીઅત લઈને આવ્યાં) પરંતુ જ્યારે "સાહિબે શરીઅત" નબી આવતાં તો તે પહેલાના નબીની શરીઅતનો અંત આવી જતો હતો. હવે કેમ કે હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) અંતિમ નબી છે. તેથી પાક પરવરદિગારે તેમને અંતિમ અને શાશ્વત શરીઅત આપીને મોકલ્યાં જેથી કરીને માનવજાત માટે કયામત સુધીની "હિદાયત"નો બંદોબસ્ત થઈ જાય.

– ચાલો આજે એટલું જ. ફરી મુલાકાત થશે તો વધુ વિગતો આપીશ.



# પોતાનું કામ પોતાના હાથે જ

એક દિવસ આપણાં સાતમા ઈમામ મુસા કાઝિમ (અ.સ.) પોતાના ખેતરમાં કામ કરતા હતા. સખ્ત ગરમી હતી. અરબસ્તાનનો તેજ તડકો હતો. આવી સખ્ત ગરમીમાં પણ આપણા સાતમા ઈમામ હઝરત મુસા કાઝિમ (અ.સ.) કોદાળી લઈને ખેતરમાં કામ કરવામાં પરોવાયેલા હતા. જેથી કરીને જમીનને સપાટ કરીને ખેતી લાયક બનાવી શકાય, સખ્ત તડકામાં કામ કરતા હોવાને કારણે ઈમામના માથા અને ચહેરા ઉપરથી પરસેવો ટપકતો હતો.

તે સમયે ઈમામ (અ.સ.)નો એક ચાહવાવાળો ત્યાંથી પસાર થયો. તેણે જોયું, આવા સખ્ત તડકામાં પણ ઈમામ ખેતરમાં મજુરી કરવામાં પરોવાયેલા હતા. તે આગળ આવ્યો અને ઈમામને સલામ કરીને અરજ કરી કે "આવી મજુરીનું કામ આપ પોતે શા માટે કરો છો ? આટલું બધું કષ્ટ શા માટે વેઠો છો? આવું કામ તો આપે બીજાને સોંપી દેવું જોઈએ ! "

ઈમામ (અ.સ.) એ પ્રથમ તો તેના સલામનો જવાબ આપ્યો - પછી ફરમાવ્યું - "હું આ કામ શા માટે બીજાને સોંપી દઉં - મારા કરતાં પણ શ્રેષ્ઠ વ્યક્તિઓએ હંમેશ આવા કામ પોતે જ કર્યા છે."

તે વ્યક્તિએ આશ્ચર્ય ચકિત થઈને પુછયુ - "આપ કોના વિશે વાત કરો છો ?"



ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું - એ વ્યક્તિઓ એટલે મારા દાદા (જદ) રસૂલે ખુદા (સ.અ.વ), અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને મારા બાપ દાદા .

જાણી લો કે સારા કામો પોતે જ કરવા તે પયગમ્બરો-ઈમામો અને અલ્લાહના નેક બંદાઓની કાર્યપધ્ધતિ રહી છે.



E-mail : hadimasik@yahoo.com

# ટુચકાઓ



હારૂન સાતમા ઈમામ(અ.સ.)નો સમકાલિન એક ખુબ અત્યાચારી સમ્રાટ હતો.
એક વખત બેહલૂલ મહેલમાં જઈને તેના સિંહાસન ઉપર બેસી ગયા. તેથી હારૂનના સિપાઈઓ એ તેને ઢોર માર માર્યો.
બેહલૂલ જોર જોર થી રડવા લાગ્યાં. એટલામાં હારૂન આવી ગયો, તેણે બેહલૂલને પુછયું : “તમે શા માટે રડો છો ?” બેહલૂલે કહ્યું “હું તો આ સિંહાસન ઉપર ફક્ત થોડીવાર માટે જ બેઠો હતો અને મને આટલો માર્યો. તમે તો એના ઉપર હંમેશા બેસો છો તો તમારે તો કેટલી માર ખાવી પડતી હશે !”

પિતા : હસન - તારૂં પરિણામ કેવું આવ્યું ?
હસન : પપ્પા ૧૦૦ ગુણ લખવાથી જરાક છેટે રહી ગયો.
પિતા : જરાક છેટે ? તેનો શો અર્થ ?
હસન : પપ્પા બે શુન્ય (૦૦) તો મળી ગયાં જો એક ગુણ મળી ગયો હોત તો પૂરા ૧૦૦ થઈ જતા ને !





ડોક્ટર : દર્દીને :- અરે - તારા પેટમાં આટલી બધી ચમચીઓ ક્યાંથી આવી ?
દર્દી : ડોક્ટરને :- તમે જ તો કહ્યું હતું કે દરરોજ એક ચમચી ખાજો !

બાળક : પોતાની માતાને :- મમ્મી - આ લોકો આ શબને ક્યાં લઈ જાય છે ?
માતા : એને ત્યાં લઈ જાય છે જ્યાં ન તો ખાવાનું છે, ન તો પાણી કે ન તો વિજળી .
બાળક : તો શું મમ્મી - તેને આપણે ઘેર લઈ જાય છે ?



# અઝાદાર બાળકની માટી

વહાલા બાળકો !

અમે તમારી જાણકારી માટે એક નાનકડો કિસ્સો વર્ણવીએ છીએ જેથી તમે જાણી શકો કે આપણાં મૌલાની અઝાદારીમાં કેટલી બરકત છે.

આયતુલ્લાહ બુરુજર્દી નામના આપણાં ધર્મના એક મહાન વિદ્વાન થઈ ગયાં છે. તેઓ જણાવે છે કે હું જ્યારે બુરુજર્દ શહેરમાં હતો ત્યારે મારી દ્રષ્ટિ ઘણી નબળી થઈ ગઈ હતી અને આંખોમાં ઘણી વધારે વેદનાં પણ થતી હતી.

તે દિવસોમાંજ એક વખત આશૂર (દસ મહોરમ)ના દિવસે માતમી અંજુમનો ગશ્ત કરી રહી હતી. તે લોકો વચ્ચે મેં એક એવા બાળકને જોયો જે પોતાના માથા અને કપાળ ઉપર માટી લગાવીને ઈમામનો શોક મનાવી રહ્યો હતો. તેની આંખોમાંથી અશ્રુઓની ધારા પણ વહી રહી હતી. મેં તેના માથા ઉપરથી જરા જેટલી માટી લઈને મારી આંખો એ લગાવી લીધી. મારી આંખો તરત જ તદ્દન સારી થઈ ગઈ. મારી દ્રષ્ટિ પણ પાછી આવી ગઈ.

કહેવાય છે કે મર્હુમ આયતુલ્લાહ તેમના અંતિમ દિવસોમાં ઘણાં નબળા થઈ ગયાં હતાં. પરંતુ તેમની આંખોનો પ્રકાશ – આંખોની જોવાની શક્તિ – મૃત્યુ પર્યંત ઓછી નહોતી થઈ.

વહાલા બાળકો ! આ આપણાં મૌલાની અઝાદારીનો આશિર્વાદ (કરમ) હતો. તમારે પણ જો કોઈ રીતે મૌલાના કરમને પાત્ર બનવું હોય તો મહોરમ માં અઝાદારીમાં આગળ વધીને ઉત્સાહપૂર્વક ભાગ લેજો – નવહા પણ પઢજો.





E-mail : hadimasik@yahoo.com

# આપણાં સાતમા ઈમામ



આપનું નામ મૂસા (અ.સ.) હતું. આપ 'કાઝિમ' ના લકબ થી પ્રખ્યાત છે.

આપની માતાનું નામ હમીદા ખાતૂન હતું. અને છઠ્ઠા ઈમામ હઝરત જાઅફરે સાદિક (અ.સ.) આપના વાલિદે ગિરામી હતાં.

આપનો જન્મ સન ૧૨૮ હિજરીમાં મક્કા અને મદીનાની વચ્ચે અબવાઅ નામની જગ્યાએ સફર મહીનાની સાતમી તારીખે થયો હતો.

આપને સાલેહ, સાબિર, અમીન, કાઝિમ, અબ્દુસ્સાલેહ, ફકીહ, આલિમના નામોથી સંબોધન કરવામાં આવે છે. આપની કુનીયત અબુલહસન અવ્વલ હતી.

આપણાં સાતમા ઈમામ પોતાના યુગના સૌથી મહાન વિદ્વાન હતાં.

ફઝાઈલ, કમાલાત, સદ્વર્તન અને ઈબાદતોમાં તેમના જેવો બીજો કોઈ નહોતો.

પ્રશ્નોત્તરીની મોટીમોટી સભાઓમાં આપ પોતાની વિદ્વતાથી દરેકને પરાસ્ત કરતાં હતાં.

આપને ચાહવાવાળા પ્રખ્યાત લોકોમાં અલી ઈબ્ને યકતીન અને શહીદે ફખ વગેરે હતાં.

આપનું સદ્વર્તન અને ચારિત્ર શ્રેષ્ઠ હતું. આપ હંમેશા બીજાની મદદ કરતાં રહેતાં હતાં. આપ કદી કોઈના ઉપર ગુસ્સે થતાં નહીં. તેથી જ આપને 'કાઝિમ' એટલે 'ક્રોધને પી જનાર' ઈમામ કહેવામાં આવે છે. આપ ગોરા કાળા નો ફરક રાખ્યા વગર દરેક દીનદાર વ્યક્તિ સાથે પ્રેમપૂર્વક પેશ આવતાં હતાં. એક વખત આપ એક માર્ગ માંથી પસાર થઈ રહયાં હતાં ત્યાં એક કાળા રંગના વ્યકિતને ઉભેલો જોયો. આપે તેને સલામ કર્યો અને તેની સાથે બેસીને થોડીકવાર વાતો કરી. પછી ફરમાવ્યું : જો તને કાંઈ જોઈતું હોય તો મને જણાવ, હું તને (તે વસ્તુ) આપીશ. લોકો એ આ જોઈને ઈમામને કહ્યું : મૌલા ! આપ ઈમામ થઈને કાળા લોકો સાથે કેમ બેસો છો. આપણાં ઈમામે ફરમાવ્યું : શા માટે ન બેસું ? શું તે આપણો પાડોશી નથી ! 'શું તેના અને આપણાં બાપ આદમ એક નથી ? આપણો ધર્મ તો બધાની સાથે હળી મળીને રહેવાનું શીખવાડે છે.'

વહાલા બાળકો ! આપણે પણ ઈમામ (અ.સ.)ની આ શિખામણને આપણાં હ્દયમાં બેસાડી વર્તન માં ઉતારવી જોઈએ.



 E-mail : hadimasik@yahoo.com

# સફર માસમાં બનેલા પ્રસંગો

## તારીખ પ્રમાણે

*વહાલા બાળકો ! આ માસના મહત્વના પ્રસંગો તમને જણાવવામાં આવે છે. તમે આ પ્રસંગોને તારીખ સાથે બરાબર યાદ કરી લેજો.*

**૧-સફર** (૧) આજના દિવસે સને ૩૮ હિજરીમાં આપણાં મૌલાની સાથે સિરીયા (શામ)ના હાકેમની લડાઈ થઈ હતી. જેમાં બંને પક્ષે મોટું સૈન્ય હતું તે "સિફફીનની લડાઈ" કહેવાય છે.

(૨) આજના દિવસે કરબલાની લડાઈ પછી 'કરબલાના બંધકો' નો કાફલો સિરીયા (શામ) પાસે પહોંચ્યો હતો. જ્યાં યઝીદીઓએ ઢોલ નગારા વગાડીને નાચ-ગાન સાથે કરબલાના બંધકોને અપમાનિત કરીને પ્રવેશ કરાવ્યો હતો.

**૨-સફર** (૧) આજના દિવસે "કરબલાના બંધકો" ને યઝીદના દરબારમાં પેશ કરવામાં આવ્યા હતા.

(૨) આજના દિવસે આપણા ચોથા ઈમામના પુત્ર જનાબ ઝૈદને કૂફામાં સને ૧૨૧ હિજરીમાં ફાંસી આપીને શહીદ કરવામાં આવ્યાં હતાં.

**૭-સફર** આજનો દિવસ આપણા સાતમા ઈમામ હઝરત મૂસા કાઝિમ (અ.સ.)નો જન્મદિવસ (વિલાદતનો દિવસ) છે. આજનો દિવસ ખુશાલીનો દિવસ છે.

**૮-સફર** આજના દિવસે આપણાં પહેલા ઈમામ હઝરત અલી (અ.સ.)ના એક મહાન સહાબી જનાબ સલમાન ફારસીનું અવસાન થયું હતું. તેમને ગુસલ અને કફન આપણા મૌલા એજ આપ્યું હતું.

**૯-સફર** (૧) આપણાં પહેલા ઈમામના બે સાચા મિત્રો જનાબ અમ્માર યાસિર અને જનાબ ખુઝૈમા બિન સાબિતની શહાદત આજના દિવસે "સિફ્ફીનની લડાઈ" માં થઈ હતી.

(૨) સને ૩૮ હિજરીમાં આજના દિવસે આપણાં મૌલાના સંનિષ્ઠ મિત્ર અને મુસલમાનોના પ્રથમ ખલીફાના પુત્ર મુહમ્મદ બિન અબીબક્રની શહાદત થઈ હતી. મુઆવિયાએ આપને ઝેર અપાવીને શહીદ કરાવ્યાં હતાં.

(૩) આજના દિવસે સને ૩૯ હિજરીમાં "નહરવાન" નામની લડાઈ થઈ હતી. જેમાં આપણા મૌલાએ ઈસ્લામના શત્રુઓ પર વિજય મેળવ્યો હતો.

**૨૦-સફર** (૧) આજનો દિવસ આપણા આકા અને મૌલા ઈમામ હુસૈન (અ.સ.) અને "શોહદાએ કરબલા" ના ચાલીસમાં (ચેહલુમ) નો દિવસ છે. આજનો દિવસ ઘણાં મોટા શોકનો દિવસ - ગમ મનાવવાનો દિવસ છે.

(૨) આજના દિવસે "એહલેબૈતે હુસૈન" સિરીયા (શામ) થી કરબલા પહોંચ્યા હતાં.

**૨૮-સફર** (૧) આજના દિવસે આપણાં નબી (સ.અ.વ.) ની વફાત થઈ હતી.

(૨) આજના દિવસે સને ૫૦ હિજરીમાં આપણાં બીજા ઈમામ હઝરત ઈમામ હસન (અ.સ.)ને મુઆવિયાએ ઝેર આપી શહીદ કરાવી દીધાં હતાં.

# અમારા સવાલો તમારા જવાબો

પ્રશ્ન ૧ : સફર માસમાં આપણે કયા ઈમામનું ચાલીસમું (ચેહલુમ) મનાવીએ છીએ ?

(અ) ઈમામ હસન (અ.સ.) (બ) હઝરત અલી (અ.સ.)

(ક) ઈમામ હુસૈન (અ.સ.) (ડ) ઈમામ સજ્જાદ (અ.સ.)

પ્રશ્ન ૨ : ઈમામ હસનની શહાદત કઈ તારીખે થઈ હતી ?

(અ) ૨૦-સફર (બ) ૨૮-સફર

(ક) ૧૦-સફર (ડ) ૨૫-સફર

પ્રશ્ન ૩ : કયા બે માસૂમોની શહાદત એક જ તારીખે સફર માસમાં થઈ છે ?

(અ) ઈમામ હસન (અ.સ.) અને મૂસા કાઝિમ (અ.સ.)

(બ) ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)

(ક) રસૂલે ખુદા (સ.અ.વ.) અને ઈમામ હસન (અ.સ.)

(ડ) ઈમામ સજ્જાદ (અ.સ.)અને રસૂલે ખુદા (સ.અ.વ.)

પ્રશ્ન ૪ : સફર માસ માં કયા ઈમામનો જન્મ (વિલાદત) થયો છે ?

(અ) આઠમાં ઈમામ (અ.સ.) (બ) ત્રીજા ઈમામ (અ.સ.)

(ક) ચોથા ઈમામ (અ.સ.) (ડ) સાતમા ઈમામ (અ.સ.)

પ્રશ્ન ૫ : ઈમામ હુસૈનનું સર મુબારક કયા મહીનામાં સિરીયા (શામ) પહોંચ્યુ હતું ?

(અ) મહોર્રમ (બ) રજ્જબ (ક) સફર (ડ) રમઝાન

પ્રશ્ન ૬ : "સિફફીનની લડાઈ" સફર માસની કઈ તારીખે થઈ હતી ?

(અ) ૧-સફર (બ) ૨-સફર (ક) ૪-સફર (ડ) ૫-સફર

પ્રશ્ન ૭ : અમ્માર યાસિર સફર માસની કઈ તારીખે શહીદ થયા હતાં ?

(અ) ૧૩ (બ) ૯ (ક) ૧૦ (ડ) ૧૧

પ્રશ્ન ૮ : "નહરવાન" નામની લડાઈ કઈ હિજરી સનમાં થઈ હતી ?

(અ) સન ૪૦ હિજરી (બ) સન ૩૦ હિજરી

(ક) સન ૫૦ હિજરી (ડ) સન ૬૦ હિજરી





E-mail : hadimasik@yahoo.com

# આર્ટગેલેરી



વહાલા બાળકો,

અંહી બે બાળકો જમવા બેઠા છે. એક બાળક જમતા પહેલા અલ્લાહનું નામ લે છે અને દુઆ માંગે છે કે કોઈ ભૂખ્યું ન રહે, અને જમવામાં ધ્યાન રાખે છે કે કોઈ વસ્તુ સુફરા ઉપર ન પડે, અને ખાવામાં બગાડ ન થાય તેમજ જમ્યા પછી પણ અલ્લાહનો શુક્ર અદા કરે છે. જ્યારે બીજો બાળક પહેલા બાળકની જેમ નથી. તે બેદરકારી કરે છે.

**તો તમે કોની જેમ જમવા ઈચ્છો છો ?**
**માટે તમે આ બંને ચિત્રમાંથી જેનું કાર્ય પસંદ હોય તે ચિત્રમાં મનગમતા રંગ પૂરો.**







# ઈમામ હસન (અ.સ.)ની શહાદત



આપણાં બીજા ઈમામ હઝરત હસન (અ.સ.) ૧૫ મી રમઝાન સન-૩-હિજરીમાં દુનિયામાં તશરીફ લાવ્યા હતાં. આપના વાલિદે ગિરામી હઝરત અલી (અ.સ.) અને વાલિદા જનાબે ફાતેમા ઝહરા (સલા.) હતાં. આપ રસૂલે ખુદા (સ.અ.વ.) ના મોટા દોહિત્ર (નવાસા) હતાં.

ઈમામ હસન (અ.સ.)એ પ્રથમ વ્યક્તિ હતાં જેમના માં-બાપ બંને માઅસૂમ હતાં. આપ ને જ સૌથી પહેલા કિસાઅ માં પ્રવેશ કરવાનો શરફ મળ્યો હતો. બાળક હોવા છતાં તે મુબાહિલાના મેદાનમાં ગયા હતાં. રસૂલે ખુદા (સ.અ.વ.) એ બાળપણમાં જ તેમને જન્નતના યુવાનોના સરદાર કહયા હતાં. રસૂલે ખુદા (સ.અ.વ.) એ એવું પણ ફરમાવ્યું છે કે હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) મારા બે ફૂલ છે. આ બે શહઝાદાઓને જ નબી (સ.અ.વ.) એ પોતાના ખભા ઉપર સવાર કરાવ્યાં હતાં. ઈમામ હસન (અ.સ.) બાળપણમાં મસ્જિદમાં જે વાતો પોતાના નાનાથી સાંભળતાં તે ઘરે આવીને પોતાની વાલિદાને સંભળાવતાં હતાં.

સન ૪૦ હિજરીમાં મૌલા (અ.સ.)ની શહાદ્ત પછી ઈમામતની જવાબદારી આપે સંભાળી હતી. અને ૨૮ સફર સન ૫૦ હિજરીમાં ઝેર આપવાને કારણે આપની શહાદત થઈ હતી. તે વખતે આપની વય ૪૭ વરસની હતી. જ્યારે ઈમામ હુસૈન (અ.સ.) આપના જનાઝાને દફન કરવા લઈ જતાં હતા ત્યારે આપના જનાઝા ઉપર પણ તીર વરસાવવામાં આવ્યાં હતાં. છેવટે ઈમામ હુસૈન (અ.સ.)એ આપને જન્નતુલ બકીઅ (કબ્રસ્તાનનું નામ) માં દફન કર્યા હતાં.

આપણા સલામ હો તે પવિત્ર કબર પર જેના ઉપર ઝાલિમોની પાબંદીઓને કારણે આજે કોઈ દીવો કરનાર પણ નથી.



વહાલા બાળકો ! તમે જાણોછો કે આપણાં બીજા ઈમામ હઝરત હસન (અ.સ.)ના ૧૫ સંતાન હતાં. આપની ઔલાદના નામ ઝૈદ, ઉમ્મુલ હસન, ઉમ્મુલ હુસૈન, હસન મુસન્ના, અમ્ર, કાસિમ, અબ્દુલ્લાહ, અબ્દે રહેમાન, હુસૈન અસગર અને તલહા, ફાતેમા- ઉમ્મે અબ્દુલ્લાહ, ઉમ્મે સલમા, રુકૈયા હતાં અને એક બીજી દિકરીનું નામ પણ ફાતેમા હતું.

# રસ્તો શોધો

માછલીને એક કિનારેથી બીજા કિનારે જવા માટે મદદ કરો.



## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

અહમદાબાદઃ (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬
(૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૭૬૧ ૬૬૮૮૧
(૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪

ભાવનગર : મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪

મહુવા : અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨

કાણોદર : મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧

ભરૂચ : જાવેદભાઈ ડોસાણી ફોન : ૯૪૨૮૫ ૮૬૫૧૨

સેલવાસા : ગુલામ અબ્બાસભાઈ દેવજાની ફોન : ૯૮૨૫૯ ૯૯૯૭૮

ધોળકા : (૧)કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી સાહબ

ડેડીયાપાડા : રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૦૯૪૨૭૧ ૭૫૨૩૧

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**



E-mail : hadimasik@yahoo.com

# બાળકોની કચેરી

**વહાલા બાળકો,**

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો.

જેથી તમારૂં  પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !



સૈયદ મોહમ્મદ અકબર મોરંગી






સૈયદ મોહમ્મદ મહદી મહઝિયાર

અમદાવાદ.



રિયાયત હુસૈન

શાહપુર, અમદાવાદ.



# પત્રાવલી

સલામુન અલૈયકુમ

પત્રાવલી

તા. ૫/૧/૨૦૦૯

સલામ બાદ જણાવવાનું કે તમારી હાદી કીતાબ અમને બહુ પસંદ આવી. અમારી દુઆ છે કે તમે અવાર-નવાર ઈલ્મમાં વધારો કરતા રહેશો અમારા જેવા માસુમ બાળકો ની દુઆ તમારા સાથે રહેશે. અલ્લાહ તમને નેકે બદલો આપશે અમે નાના નાના બાળકો ભેગા મળીને હાદી કિતાબમાં આવેલા વાક્યો ની ચરચા કરીએ છીએ. અવાર-નવાર હાદી ના અંક પ્રગટ કરતા રહેશો. એવી અમારી દુઆ છે.

ખુદા હાફીઝ

નાઝનીન નબીહસન પલસાણીયા
ગામ-મેતા તા.-વડગામ, જી. બી.કે
ધો. પાંચ-બ



**નાઝનીન નબીહસન પલસાણીયા**
ગામ-મેતા, તા. વડગામ, જિ. બી.કે.

Page :
Date :

આ હાદી માસીક અમારા સુધી પહોંચ્યું એ બદલ આપનો આભાર

આ હાદી માસીક અમને ખુબ જ ગમ્યું જ્યારે અમે ત્રણેય ભાઈઓ એ હાદી માસીક નું નામ સાંભળ્યુ ત્યારથી જ અમે આ હાદી માસીક ની પ્રતિક્ષા કરીને બેઠા હતા

હાદી માસીક મળતા જ અમે ખુશ થઈ ગયા આ હાદી માસીકમાં એકદમ સરળ ભાષામાં બધી દીની વાતો પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેથી દરેક બાળક સમજી શકે અને સાથે આ માસીક એક વિશેષતા છે. આ હાદીના ~~અંક~~ અંક રંગીન છે જેથી બાળક હજુ વાંચતા શિખ્યો હોય તો પણ તે હાથમાં લઈ વાંચવાની કોશીષ કરે તે બાળક ને રંગીન ફોટા સાથે વાંચવાની મજા પડે છે.

અને આ હાદી માસીક માં બાળકોને પણ લેખ, પત્ર, વગેરે લખવાની પ્રેક્ટીસ થાય તે માટે બાળકો ના પણ પેજ ફાળવવામાં આવ્યા છે અને મને પણ આ કાગળ લખવાનો મોકો મળ્યો એ બદલ ખુબ ખુબ આપનો આભાર

→ હું ધોરણ ૭ માં અભ્યાસ કરું છું.

લી. મોમીન મહંમદ સમ્શ
મીકદાદ હૈદર

(ધોળકા), (લીલજપુર)

M-35



**મોમીન મહંમદ સમ્શ મીકદાદ હૈદર**
લીલજપુર, ધોળકા.

મોરંગી

"સલામુન અલૈયકુમ".

Page No.
Date :

હાદી માસીક

તમારુ હાદી અમને બહોત સારુ લાગ્યુ છે.

અને તેમા થયેલા સવાલો અમને ખુબજ ગમે છે, એવીજ રીતે એમા થનાર ઇસ્લામી વારતા અને એવીજ રીતે થનાર ઇસ્લામિક માલુમાત પત્રક બહુજ ગમે છે, અને આ હાદી માસીક થી અમારો પરીવાર ખુબજ ખુશ છે, અને આ રીસાલા ને ચાલુ રાખવા ની ખુદા થી દુઆ છે.

વસ્સલામ

સૈયદ ~~મોહમ્મદ~~ મોહમ્મદ અકબર "મોરંગી"



**સૈયદ મોહમ્મદ અકબર મોરંગી**



વહાલા બાળકો, તમને તમારું આ "હાદી" માસિક કેવું લાગ્યું ?
તો હવે તમે અમને લખી મોકલો. અમે આપનો પત્ર ફોટા સાથે છાપીશું.

## બ્રહ્માંડનાં રહસ્યો ખોળતું યંત્ર

# ટેલિસ્કોપ

દોસ્તો, તમને ઘણીવાર એવો સવાલ થાય છે ને કે, આકાશમાં તારા, ગ્રહો ઉપરાંત બીજું શું હશે બ્રહ્માંડના આવા અનેક રહસ્યો ઉકેલીને વિજ્ઞાનની અદ્‌ભુત માહિતી પીરસતું સાધન એટલે ટેલિસ્કોપ, તમે જાણો છો દોસ્તો મહાન વિજ્ઞાની ગેલીલીઓ પણ ટેલિસ્કોપની શોધને કારણે જ વિશ્વરભરમાં જાણીતા બન્યા હતાં. ટેલિસ્કોપ નો જન્મદિવસ ૩ ડિસેમ્બર 'વર્લ્ડ ટેલિસ્કોપ ડે' તરીકે ઊજવાય છે.

### ભારતનું 'ચંદ્ર' ટેલિસ્કોપ

માત્ર નાસાએ જ નહીં, ભારતે પણ લદ્દાખ ખાતે ચંદ્ર ટેલિસ્કોપ ગોઠવ્યું છે. તેનું ઓપરેટિંગ બેંગલૂરુ ખાતે રિમોટથી કરવામાં આવે છે. લદ્દાખમાં આવેલી 'ઈન્ડિયન એસ્ટ્રોનોમિકલ ઓબ્ઝર્વેટરી' વિશ્વની સૌથી ઉંચી વેધશાળા ગણાય છે. આ વેધશાળામાં ચંદ્ર ટેલિસ્કોપ ગોઠવવામાં આવ્યું છે. તેનો લેન્સ બે મીટર એટલે કે ૬.૫ ફૂટ વ્યાસનો છે. આ ટેલિસ્કોપનું નામ ભારતના ખગોળ શાસ્ત્રી પ્રો. એસ. ચંદ્રશેખરના નામ ઉપરથી રાખવામાં આવ્યું છે.

**ટેલિસ્કોપની ઓળખ :** ગેલીલીઓએ આજથી લગભગ ૪૦૦ વર્ષ પહેલાં જે ટેલિસ્કોપ બનાવ્યું તેમાં બે કાચના લેન્સનો ઉપયોગ કર્યો હતો. મોટા લેન્સને ઓબ્જેક્ટ કહે છે અને નાનો લેન્સ આઈ-પીસ નામે ઓળખાય છે. આ લેન્સને ગુજરાતીમાં વસ્તુ કાચ અને નેત્ર કાચ કહેવાય છે. તેણે નળીના એક છેડે બહિર્ગોળ કાચ અને બીજા છેડે અંતર્ગોળ કાચ બેસાડ્યા. તેના કારણે ૩૫ કિ.મી. દૂરની વસ્તુ ત્રણ ગણી સ્પષ્ટ દેખાવા લાગી. ત્યારબાદ વધુ સ્પષ્ટ દેખાય એ માટે ગેલીલીઓએ તેમાં સુધારા-વધારા ચાલુ જ રાખ્યા. આખરે તેણે નરી આંખે દેખાતા દ્રશ્ય કરતાં નેવું ગણું સ્પષ્ટ અને નજીક દેખાતું દૂરબીન બનાવ્યું, જેને 'ટેલિસ્કોપ' ની ઓળખ આપી.

**અવકાશ નિરીક્ષણ :** ગેલીલીઓએ પોતે બનાવેલા ટેલિસ્કોપથી અવકાશનું નિરીક્ષણ કર્યું. પહેલાં તો તેણે પૃથ્વીના ઉપગ્રહ, ચંદ્રની સપાટી ખરબચડી છે એવું સાબિત કર્યું. ત્યાર પછી અવકાશમાં અસંખ્ય તારા છે એવું જણાવ્યું. ૮ જાન્યુઆરી ૧૬૪૨ના રોજ ગેલીલીઓના અવસાન બાદ વિજ્ઞાની ન્યૂટને ટેલિસ્કોપમાં ફેરફાર કરવાનું બીડું ઝડપ્યું. ન્યૂટને ટેલિસ્કોપમાં મુખ્યત્વે અરીસાનો ઉપયોગ કર્યો તેથી તેને રિફ્લેક્ટર ટેલિસ્કોપ કહેવામાં આવ્યું. ટેકનોલોજીના વિકાસની સાથે સાથે ન્યૂટને ઘણા સુધારા કર્યા. પરિણામે ટેલિસ્કોપના રિઝલ્ટમાં ખૂબ જ સુધારો થયો.

**આધુનિક ટેલિસ્કોપ :** સમય જતા જુદા જુદા કાર્ય માટે વિવિધ ટેલિસ્કોપ બન્યા. તેમાં મોટરાઈઝડ ટેલિસ્કોપ, રેડિયો ટેલિસ્કોપ, ઈલેક્ટ્રોનિક ટેલિસ્કોપ અને નાસાએ બનાવેલું શક્તિશાળી હબલ ટેલિસ્કોપ મુખ્ય છે. આજના કોમ્પ્યુટર યુગમાં કોમ્પ્યુટરાઈઝડ ટેલિસ્કોપ પણ બનવા માંડયા છે. આવા ટેલિસ્કોપનો ઉપયોગ આકાશમાં માત્ર ત્રણ તારા બતાવવા માટે કરવામાં આવે છે. બાકીનું કામ ટેલિસ્કોપના કીબોર્ડની કી દબાવવાથી જ થઈ જતું હોય છે. દા.ત. ગુરુ અને તેના ઉપગ્રહો જોવા હોય તો કોમ્પ્યુટરને માત્ર કમાન્ડ આપવાથી ટેલિસ્કોપ ગુરુનો ગ્રહ શોધીને ત્યાં સ્થિર થઈ જાય છે. આ પ્રકારના ટેલિસ્કોપ અમદાવાદમાં પણ ઉપલબ્ધ છે.

**હબલ ટેલિસ્કોપ :** પૃથ્વી પરથી આકાશદર્શન કરતા પ્રદૂષણ, વાદળાને કારણે આકાશદર્શન થતું ન હોવાથી નાસાએ ૨૪ એપ્રિલ, ૧૯૯૦ના રોજ એક શક્તિશાળી હબલ ટેલિસ્કોપ વાતાવરણની બહાર મોકલ્યું. પૃથ્વીના વાતાવરણથી બહાર રહીને હબલ ટેલિસ્કોપ બ્રહ્માંડના અનેક રહસ્યો ઉકેલે છે.



**દુનિયાનું સૌથી મોટું ટેલિસ્કોપ ચીલીમાં બની રહ્યું છે. તેમાં જે કાચનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે ખૂબ જ શક્તિશાળી છે.**

# સાચા જવાબો

વહાલા બાળકો !

ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો  આ પ્રમાણે છે.
તમે તમારા જવાબો આનાથી મેળવી લો.

પ્રશ્ન ૧ : હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ક્યા શહેરમાં શહીદ થયાં હતાં ?

(બ) કરબલા

પ્રશ્ન ૨ : કરબલાના સૌથી નાના મુજાહિદનું નામ-

(ડ) અલી અસગર

પ્રશ્ન ૩ : કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.)નું માથું કોણે વાઢી લીધું હતું ?

(અ) શિમ્ર

પ્રશ્ન ૪ : કરબલાના સૌથી વયોવૃધ્ધ શહીદનું નામ- જે આપના બાળગોઠિયા પણ હતાં ?

(બ) હબીબ ઈબ્ને મઝાહિર

પ્રશ્ન ૫ : મહોર્રમની કઈ તારીખથી ઈમામના તંબૂઓમાં પાણીનો જથ્થો ખલાસ થઈ ગયો હતો.

(ક) સાત મહોર્રમ

પ્રશ્ન ૬ : કરબલામાં કેટલા ઈમામોની ઉપસ્થિતિ હતી ?

(અ) ૩

પ્રશ્ન ૭ : કરબલામાં ક્યા ઈમામ બીમાર હતા ?

(બ) ઈમામ સજ્જાદ (અ.સ.)

પ્રશ્ન ૮ : કરબલાના શહીદોની સંખ્યા

(ક) ૭૨

પ્રશ્ન ૯ : ઈમામ હુસૈન (અ.સ.) એ કોને પોતાની મદદ માટે પત્ર લખ્યો હતો ?

(ક) હબીબ ઈબ્ને મઝાહિર




• પબ્લીશર્સ •

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડનપાર્ક, વટવા, અમદાવાદ. (ગુજ.) ભારત- ૩૮૨૪૪૦.

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

E-mail : hadimasik@yahoo.com





*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*